ગાંધીનગર સમાચાર

શંકરસિંહ વાઘેલા સામે મની લોન્ડરિંગ કેસ દાખલ

# શ્રાવણ આવ્યો... વરસાદ લાવ્યો...

## શહેરમાં એક ઇંચ વરસાદથી ઠંડક : સિઝનનો વરસાદ ૨૯૦ મી.મી.
## શ્રાવણમાં સરવરીયા વરસાવતા મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ



ગાંધીનગર તા ૩

શ્રાવણ આવ્યો ...વરસાદ લાવ્યો...શ્રાવણમાં શિવભકિતમાં તરબોળ થતા ભાવિકો પર મેઘરાજાએ પણ મહેર કરી છે. છેલ્લા બે ચાર દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે અસહ્ય ઉકળાટ અનુભવતા નગરજનો શ્રાવણની શરૂઆતમાં જ રીમઝીમ વરસાદ વરસવાનુ શરૂ થતા સરવરિયાના બદલે હવે મેઘરાજા મન મુકીને વરસશે તેવી આશ નગરજનોમાં પ્રબળ બની છે.શહેરમાં ધીમી ધારે મેઘરાજાની મહેર થતા સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડયા છે. ચાર પાંચ દિવસથી આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસ્યા વિના અદ્રશ્ય થતા નગરજનો ભારે ઉકળાટનો અનુભવ કરી રહયા હતા. જો કે રીમઝીમ વરસાદના અંતે વાતાવરણમાં અંશતઃ ઠંડક પ્રવર્તી છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૨૨.૫ મી મી વરસાદ વરસ્યો હતો. સીઝનનો વરસાદ ૨૯૦ મી મી નોંધાયો છે.

ગાંધીનગરમાં અત્યારસુધી સિઝનનો ૨૯૦ મી મી વરસાદ નોંધાયો છે. છેલ્લા કેટલાક સમયથી આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસાદી વાતાવરણ ઉભુ કરીને વિખેરાઈ જતા વરસાદની આશ

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત નહીં જાવ, દિલ્હી રહો, મારે જરૂર છે! : મોદી



ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં આખરી નેતૃત્વ પરિવર્તન થયું છે. આનંદીબહેન પટેલનું રાજીનામું હાઈકમાન્ડે સ્વિકારી નવા મુખ્યમંત્રી પદ માટે રસ્તો ક્લિયર કર્યો છે. હાલ તો સિનિયર કેબિનેટ મંત્રી વિજય રૂપાણી અને નિતીન પટેલ સીએમ પદની રેસમાં છે પરંતુ છેલ્લી ઘડીએ કોણ નવા સીએમ બને છે તે પાર્ટી મિટીંગ અને મોદીના ફેસલા પર આધિન છે.

ભાજપના વરિષ્ઠ નેતા વૈંક્યા નાયડુએ કહ્યું કે અમિત શાહની દેશને જરૂર છે અને તેઓ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બની રહેશે. તેમના આ નિવેદનની અસર એ થઈ છે કે અમિત શાહ ચીફ મિનિસ્ટરની રેસમાંથી બાકાત થયા છે. જો કે ભાજપને મોદી જેવો ચાર્મિંગ ચહેરો ગુજરાતમાં ફરી મળ્યો નથી તે હકીકત છે.

પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે અમિત શાહે ગુજરાતના મુખ્યમંત્રી બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ નરેન્દ્ર મોદીએ એમ કહ્યું કે ''અમિતભાઈ તમે મારી સાથે રહો, ગુજરાત જવાની જરૂર નથી. મારે તમારી જરૂર છે.'' આ નેતાના કહેવા પ્રમાણે અમિત શાહે બીજીવાર કડવો ઘૂંટ પીધો છે અને બીજીવાર ગુજરાતના સર્વોચ્ચપદનો ત્યાગ કર્યો છે.

અમિત શાહ મુખ્યમંત્રી કેમ બની ન શકે તેના એક નહીં અનેક કારણો સામે આવ્યા છે. અમિત શાહને મોદીએ રાષ્ટ્રીય ફલક પર બેસાડ્યા છે અને આવનારા બે વર્ષમાં ૧૦ રાજ્યોની ચૂંટણી આવે છે ત્યારે મોદીને અમિત શાહની અત્યંત આવશ્યકતા છે. મોદીના કહેવાથી અમિત શાહ બીજીવાર ગુજરાતનું સર્વોચ્ચ પદ ભૂલી ગયા છે. દિલ્હીમાં મોદીનો સ્ટ્રોંગ હાથ હોય તો તે અમિત શાહ છે. તેઓ ગુજરાતમાં પણ મોદીનો સ્ટ્રોંગ હાથ હતા. પંજાબ અને ઉત્તરપ્રદેશની ચૂંટણી કેન્દ્રસ્થાને હોવાથી હાલ અમિત શાહને ગુજરાતનો હવાલો સોંપી શકાય તેમ નથી તેવો પાર્ટીનો મત હતો.

મોદીની એવી પણ ઈચ્છા છે કે અમિત શાહની પ્રથમ જવાબદારી પંજાબ અને ઉત્તરપ્રદેશની ચૂંટણીની છે. એ પછી ગુજરાતની ચૂંટણી આવે છે. અમિત શાહ માની ગયા છે પરંતુ તેમની શરતને વળગી રહ્યા છે એટલે ગુજરાતમાં જે કોઈ નવા મુખ્યમંત્રી આવશે તે અમિત શાહના વફાદાર હશે તેટલું જ નક્કી છે.

ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં આનંદીબહેન પટેલનું રાજીનામું સ્વિકારવામાં આવ્યું તેથી એક બાબત સ્પષ્ટ થઈ છે કે ભાજપ ૭૫ વર્ષ પૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

# કેનાલમાં પાણીની હિલચાલ વધતા ડહોળા પાણીની સમસ્યા સર્જાઇ

## સેકટરોમાં સપ્લાય થતુ પાણી પીવાલાયક આજથી પાણીનો ફોર્સ પણ વધી જશે

ગાંધીનગર તા ૩

નર્મદા ડેમ ઓવર ફલો થતા કેનાલમાં પાણીની હીલચાલ વધતા



ટર્બિલીટીનુ પ્રમાણ વધ્યુ છે. જેના લીધે સોકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જો કે આ પાણી પીવાલાયક હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. ડહોળાશને અનુલક્ષી પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણીનો સપ્લાય ઘટાડી દેવાતા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી પરંતુ હવે નિયમિત સપ્લાય થતા પાણીની પોકાર ઉઠવા પામશે નહી.

● અનુસંધાન પાન-૭ પર

# શ્રાવણના સરવરિયા વરસાદી ઘટ પુરી કરશે કે કેમ ખેડૂતોમાં ચર્ચા

## જિલ્લામાં આજે હળવાથી ભારે વરસાદી ઝાપટા : કલોલમાં એક ઈંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૩

શ્રાવણ માસના આરંભની સાથે જ મેઘરાજાના ભારે તથા હળવા ઝાપટાંઓની વચ્ચે જિલ્લામાં હજુ પણ ૨૩ ટકાથી વધુ વરસાદની ઘટ છે તે આ માસ દરમ્યાન પુરાશે કે કેમ ? તેને લઈ ખેડૂતોમાં પણ ચર્ચાઓ જાગી છે.

આજે જિલ્લામાં હળવાથી ભારે વરસાદના ઝાપટાં નોંધાયા હતા. મળતા અહેવાલો પ્રમાણે આજે સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં કલોલમાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો જ્યારે ગાંધીનગર, દહેગામ અને માણસામાં વરસાદના ઝાપટા નોંધાયા હતા જે ૧૭ મિ.મિ. જેટલા હતા.

ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૩૨.૨૩ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં માણસામાં સૌથી વધુ વરસાદ ૩૬૧.૧ મિ.મિ. નોંધાયો છે. દહેગામમાં ૨૭૯ મિ.મિ., કલોલમાં ૨૪૭ મિ.મિ. તો ગાંધીનગરમાં ૧૮૪ મિ.મિ. વરસાદ સવારે ૭ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં વરસાદી માહોલ જે ધીમી ગતિએ જામી રહ્યો છે તેનાથી ખેડૂતો ખુશ જણાઈ રહ્યા છે પણ વરસાદની જે ઘટ ગત વર્ષની તુલનામાં છે તે આગામી દિવસોમાં પુરાતં કેટલો સમય લાગશે તેને લઈ ચર્ચાઓ થઈ રહી છે.

જિલ્લામાં વરસાદ અને ખેતીની પેટર્નમાં આ વર્ષે જે બદલાવ જોવા મળી રહ્યો છે તેને લઈ પણ આ ચર્ચાઓ ઉભી થઈ છે તેમ કેટલાક ખેડૂતોનું માનવું છે.

જિલ્લામાં વરસાદી માહોલ ધીમી ગતિએ જામી રહ્યો હોવાથી ભૂતળના જળ રિચાર્જ હજુ જોઈએ તેટલા થયા નથી એટલુ જ નહિ પણ નવા પાણીની આવક ઓછી થઈ રહી હોવાથી વાતાવરણમાં પણ જે બદલાવ જોવા મળવો જોઈએ તે મળતો નથી.





ૐ નમઃ શિવાય - શીવપૂજા સાથે શ્રાવણનો આરંભ થયો હતો... પવિત્ર શ્રાવણ મહિનામાં શીવપૂજાનો મહિમા અનોખો હોય છે... નગરના પૌરાણિક મંદિર ધોળેશ્વર મહાદેવ તથા વૈજનાથ મહાદેવ ખાતે વહેલી સવારથી ભાવિકો શીવજીને બિલીપત્ર અર્પણ કરવા પહોંચ્યા હતા... ભાવિકોએ દૂધ અને જળથી શીવલીંગ પર જલાભિષેક કર્યો હતો....

# ભારે વરસાદગ્રસ્ત જિલ્લામાં સફાઈ માટે સહાયતા અપાઈ

અમદાવાદ, તા.૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસમાં થયેલા ભારે વરસાદને કારણે ઊભી થયેલી પરિસ્થિતિની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ આ જિલ્લાઓના કલેક્ટરઓનો ટેલિફોન સંપર્ક કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો તથા પુરના પાણી ઓસર્યા બાદ રોગચાળો ન ફેલાય તે માટે કાદવ કચરાના નિકાલ સફાઈની કામગીરીને અગ્રતા આપવા માર્ગદર્શન આપ્યું હતું. આનંદીબેને આવા કાદવ કચરાની સફાઈ અને નિકાલ માટે તાત્કાલિક વલસાડને ૪૦ લાખ તેમજ નવસારીને ૨૦ લાખ રૂપિયા સહાય ફાળવવાનો નિર્ણય કર્યો છે. વલસાડમાં સાફ સફાઈની કામગીરી માટે જરૂરી અદ્યતન મશીનરી સાથે સુરત મહાપાલિકાની એક ટીમ મોકલવામાં આવી છે.

# શંકરસિંહ વાઘેલા સામે મની લોન્ડરિંગ કેસ દાખલ

## વાઘેલા ઉપરાંત અન્યો સામે પણ કેસ દાખલ : ટૂંક સમયમાં જ પુછપરછ માટે સમન્સ જારી કરાય તેવી શક્યતા

અમદાવાદ,તા. ૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલા અને અન્યો સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મની લોન્ડરિંગ કેસ દાખલ કરતા કોંગ્રેસની છાવણીમાં ખળભળાટ મચી ગયો છે. મુંબઈમાં ખુબ જ મહત્વપૂર્ણ નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશન (એનટીસી)ની જમીનના વેચાણના સંબંધમાં મની લોન્ડરિંગના આરોપસર આ કેસ દાખલ કરવામાં આવ્યો છે જેના કારણે તિજોરીને ૭૦૯ કરોડનું નુકસાન થયું હતું. મુંબઈના અપમાર્કેટ વર્લી વિસ્તારમાં એનટીસીની જમીન ૨૯.૩૫ કરોડની કિંમતમાં જ કોલકાતા સ્થિત એક ખાનગી કંપનીને વેચી મારવા સાથે સંબંધિત આ મામલો રહેલો છે. એ વખતે શંકરસિંહ વાઘેલા ટેક્સટાઈલ પ્રધાન તરીકે હતા. સીબીઆઈએ ગયા વર્ષે ભ્રષ્ટાચારનો કેસ દાખલ કર્યો હતો અને એવી બાબતની નોંધ લીધી હતી જેમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે હવે મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈ હેઠળ ગુનો દાખલ કર્યો છે. અધિકારીઓનું કહેવું છે કે, એજન્સીએ સીબીઆઈ અને અન્ય તપાસ સંસ્થાઓ પાસેથી માહિતી એકત્રિત કરી લીધા બાદ આ કેસ ઉપર કામ શરૂ કર્યું હતું. આરોપીઓ દ્વારા ગુનાની વિગતો પણ એકત્રિત કરવામાં આવી હતી. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને અન્યોના નામ હવે આવી ગયા છે. એફઆઈઆરમાં તમામના નામ આવ્યા બાદ ટૂંકમાં જ પુછપરછ માટે તેમને બોલાવવામાં આવશે. એનટીસી જમીનના વેચાણને લઈને

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



મારા પરમ પૂજ્ય પિતાશ્રી **મણીલાલ માધવલાલ પટેલ** (નિવૃત્ત શિક્ષક તથા ટ્રસ્ટીશ્રી પ્રકાશ વિદ્યાલય-રખિયાલ) તા. ૧/૮/૨૦૧૬ને સોમવારના રોજ દેવલોક પામેલ છે. સદ્દગતનું બેસણું **તા. ૫/૮/૨૦૧૬ને શુક્રવારે સવારે ૮ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : જૈન દેરાસરની વાડી, ઉમાકાન્ત મહાદેવ મંદિરની સામે, રખિયાલ, તા. દહેગામ, જી. ગાંધીનગર. મો. ૯૯૨૫૪ ૪૩૫૫૭**

લિ.

**પટેલ ભરતકુમાર માધવદાસ** (ગાંધીનગર સમાચાર)

**પટેલ વિમલકુમાર મણીલાલ** (LIC Agent)

**સાસરીપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**

## જન્મદિને શુભકામનાઓ



**શ્રીમતી શકુંતલાબેન પ્રતાપસિંહ રાઠોડ**

પૂર્વ મહામંત્રી, શહેર કોંગ્રેસ (૧૯૮૯-૯૦)
પ્રમુખ, પ્રશાંત ચેરીટેબલ ટ્રસ્ટ (૩-૯-૧૯૯૧થી)
મો. : ૯૭૨૩૩૪૯૭૨૧

સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહેતા શકુંતલાબેન રાઠોડે પુત્ર દિલીપસિંહ તથા પતિ પ્રતાપસિંહને થતા અન્યાય માટે ગુજરાત હાઈકોર્ટ, રાજભવન, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી આયોગ, મુખ્યમંત્રી કાર્યાલય સહિત અનેક સરકારી કચેરીમાં બે હજારથી વધુ રજૂઆતો કરી લડત આપી છે. તેમના જન્મદિને હાર્દિક શુભકામનાઓ

નિવાસસ્થાન : **પ્રતાપસિંહજી રાઠોડ**
(અપક્ષ ઉમેદવાર, વિધાનસભા ચૂંટણી-૨૦૧૨)
પ્લોટ નં. ૧૧૦૨/૧, સેક્ટર-૪/એ, ગાંધીનગર
અને રાજભવન સ્ટાફ ક્વાટર્સમાં દુકાન નં.૨૨, (૧૮ વર્ષથી પાર્લર)


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com